# અરવલ્લી-સાબરકાંઠામાં કૃષ્ણ જન્મોત્સવની ભાવપૂર્વક ઉજવાયો

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે વિવિધ સ્થળોએ તેમજ મંદિરોમાં જન્માષ્ટમીનું પર્વ ભારે ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી રાત્રીના બારના ટકોરે જન્મોત્સવની સાથે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદથી બન્ને જિલ્લાનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. યાત્રાધામ શામળાજી ખાતે જન્માષ્ટમીની ઉજવણીમાં વહેલી સવારથી જ ભક્તો દ્વારા ભગવાન શામળીયાના દર્શન કરી ભવ્યાતિભવ્ય ઉજવણીમાં જોડાવવા હજ્જારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. મોડાસા શહેરના નરસીમ્હા સોશીયલ ક્લબ દ્વારા ઓધારીચોકમાં અનોખી ઉજવણી કરી હતી. બન્ને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પરંપરાગત રીતે લોકમેળો યોજાતા પ્રજાજનોએ લુત્ફ ઉઠાવ્યો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કૃષ્ણજન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણીમાં પ્રજાજનો ભક્તિમાં લીન બની ગયા હતા. યાત્રાધામ શામળાજી ખાતે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જન્માષ્ટમીમાં ભગવાન કાળિયાદેવના દર્શનાર્થે શામળાજી મંદિરમાં સમગ્ર ગુજરાત, રાજસ્થાન તેમજ અન્ય રાજ્યોમાંથી હજ્જારોની સંખ્યામાં ભાવિકભક્તો ઉમટ્યા હતા. જષ્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે શામળાજી મંદિરમાં દર્શનાથીઓના ભારે ધસારાને ધ્યાને રાખી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં એલઈડી સ્ક્રીન દ્વારા દર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરને આસોપાલવ, કેળ, વાંસના તોરણો તેમજ લાઈટોની રોશનીથી શણગારી, શામળાજી ગામમાં આસોપાલવના તોરણ બાંધી સમગ્ર શામળાજીમાં યુવાનો દ્વારા કૃષ્ણજન્મોત્સવ માટે ૧૦૦ થી વધુ મટકી ફોડ કાર્યક્રમો યોજી પરંપરાગત ગીત-સંગીત અને ડી.જે.ના તાલે ઝુમી ઉઠ્યા હતા. ભગવાન કાળિયા ઠાકોરની શોભાયાત્રામાં ૫૦૦ કિલો અબીલ ગુલાલની છોડો ઉડતા વાતાવરણ રંગીન બની ગયું હતું.



અરવલ્લી-સાબારકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં જેવા કે શામળાજી, રામપુર ઢુંઢેરા મહાદેવ મંદિરે પરંપરાગત લોકમેળાઓ ભરાયા હતા. મોડાસા શહેરમાં સતત પાંચમા વર્ષે નરસીમ્હા સોશીયલ કલબ દ્વારા ઓઘારીચોકમાં જન્માષ્ટમીની રાત્રીએ ધાર્મિક પર્વમાં ભગવાન શ્રીકૃષ્ણના વિવિધ દર્શનનું પ્રદર્શન તથા આધ્યાત્મીક અને સાંસ્કૃતિક કાર્યક્રમો, બાલકૃષ્ણના હિંડોળાના દર્શન, સાથે રાત્રીના ૧૨ના ટકોરે મટકીફોડ કાર્યક્રમ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ મનાવ્યો હતો. જેમાં મોડાસાની ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી. ક્લબના દિપ સથવારા, મયુર પરમાર, મિલન પરમાર, ધ્રુવ ભાવસાર, કેયુર રામી દ્વારા કરાયેલા ભવ્ય કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીથી ભક્તો દ્વારા સરાહના કરવામાં આવી હતી. મોડાસા ઋષિકેશ સોસાયટીમાં વાય.બી.એ. ટીમ દ્વારા સોસાયટીના પટાંગણમાં અને રહેણાંક વિસ્તારમાં ૧૧ થી મટકીઓ બાંધી ડી.જે. તાલ સાથે મટકીફોડ કાર્યક્રમની ઉજવણી કરી રાત્રીના ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવમાં ભગવાન શ્રીકૃષ્ણની આરતી ઉતારી સમગ્ર વિસ્તારમાં પ્રસાદી વહેંચી હતી. બન્ને જિલ્લામાં રાત્રીના ૧૨ કલાકે નંદઘેર આનંદભયો... જય કનૈયાલાલકીના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.









## હિંમતનગરમાં 'નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલ કી'ના નાદ સાથે જન્માષ્ટમી પર્વ ઉજવાયું

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે વિવિધ દેવ મંદિરોમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત મટકી ફોડ, કૃષ્ણ જન્મોત્સવ અને ભજન સંધ્યાના કાર્યક્રમોનું આયોજન કરાયુ હતું. જન્માષ્ટમી પર્વની ઉજવણી અંતર્ગત ઘોરવાડા પ્રાથમિક શાળામાં કૃષ્ણજન્મોત્સવ, મટકી ફોડ અને રસ્સાખેંચનો કાર્યક્રમ યોજાયો હતો. જે પ્રસંગે આચાર્યા રમીલાબેન પટેલ તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. હિંમતનગરના મહાવીરનગરમાં આવેલ સ્વસ્તિક, સ્નેહલ, અંકુર, દિવ્ય સોસાયટીમાં કૃષ્ણ જન્મોત્સવ, મટકી ફોડ અને રાસ-ગરબાનું આયોજન કરાયુ હતું. જે પ્રસંગે સેવંતીભાઈ ખરાદી દ્વારા પ્રસાદનું વિતરણ કરાયુ હતું. બેરણા ગામે કંટાળેશ્વર હનુમાનજી મંદિરમાં લોકમેળો ભરાયો હતો. જેમાં ગામડી, વિરાવાડા, કાંકણોલ, આગીયોલ અને ડેમાઈના લોકો ઉપસ્થિત રહ્યા હતા તથા ચુડામણી સુંદરકાંડા પરિવાર દ્વારા ૧૬૦૩ મો સુંદરકાંડનો પાઠ યોજવામાં આવ્યો હતો. હિંમતનગર યુવા ભાટ સમાજ દ્વારા શહેરના પાંચબત્તી, ટાવર ચોક હનુમાનજી મંદિર, મોતીપુરા, ભોલેશ્વર, ચંદ્રનગર સહિતના સ્થળે જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી. જેમાં સંજયભાઈ ભાટ, મંગલભાઈ, અમીતભાઈ, મહેન્દ્રભાઈ, સુરેશભાઈ સહિત ૫૦૦થી વધુ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મટોડા ગામે અંગત અદાવતમાં ખેતરમાંથી છોડ ઉખાડી નાખ્યા

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામના શેનાભાઇ પુંજાભાઇ ગમારની દિકરી ચારેક વર્ષ પહેલા ઠાકરડા મણાભાઇ સાથે જતી રહેલ હતી. જે બાબતે મટોડાના ભાવેશભાઇ રણછોડભાઇ પટેલ બંને વચ્ચે સમાધાન કરાવેલ હતું. જેમાં શેનાભાઇને થોડો સામાજિક ખર્ચ થયેલ હતો. જેની અદાવત રાખી શેનાભાઇ તથા ચંદુભાઇ કચરાભાઇ ગમારે તા.૨૩મીની રાત્રે ભાવેશભાઇ તથા મણાભાઇના ખેતરમાં ગેરકાયદેસર ઘૂસી જઇ ખેતરમાં કપાસના પ્લોટનું વાવેતર કરેલ તથા મકાઇના છોડને ઉખાડી નાખી રૂા.૨,૫૦,૦૦૦નું નુકશાન કરેલ હતું. જેથી ભાવેશભાઇએ શેનાભાઇ પુંજાભાઇ ગમાર તથા ચંદુભાઇ કચરાભાઇ ગમાર વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અરવલ્લી જિલ્લામાં કરોડો રૂપિયાનો જુગાર રમાયો

### જુગારના શોખીનોએ સાતમ-આઠમ દરમ્યાન મહિના પહેલાથી ફાર્મ હાઉસો તથા ચોક્કસ મકાનો ભાડેથી બુક કરાવી દીધા હતા

બાયડ, તા. ૨૬

જુગાર રમવાના શોખીનો માટે ગુજરાતમાં શ્રાવણ મહિનો હોટ ફેવરેટ છે. ક્યાંક અંદરખાને જુગાર રમાય છે તો ક્યાંક પોલીસની મીઠી નજર હેઠળ જુગાર રમાય છે. સાતમ-આઠમ દરમ્યાન અરવલ્લી જિલ્લામાં પણ કરોડો રૂપિયાનો જુગાર રમાઈ ગયો. કરોડો રૂપિયાની હાર-જીત જુગારમાં થઈ ગઈ હોવાનું જુગાર શોખીનોના વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે.

શ્રાવણ માસમાં જુગાર રમવા માટે અરવલ્લી જિલ્લાના શોખીનોએ લગભગ એક મહિના પહેલાથી બાજી માંડવાના સ્થળ બુક કરાવી દીધા હોવાની ચર્ચા છે. ચોક્કસ શકુનીઓના ગ્રુપ દ્વારા ક્યાંક મકાન કે ઓરડી ભાડે રાખીને તો ક્યાંક શક્તિ મુજબ ફાર્મહાઉસ ભાડે રાખીને સાતમ આઠમમાં બાજી માંડી હતી. સિગારોટ-મસાલા, ભોજન અને એસી, ઠંડુ પાણી તથા ગાદલા-તકીયા ઉપરાંત કેટલાક બોર્ડમાં દારૂ-બિયરની પણ વ્યવસ્થા થઈ હતી. લકઝરીયસ જુગાર પણ અરવલ્લી જિલ્લાના કેટલાક ફાર્મમાં રમાયો હોવાની ચર્ચા વાયુ વેગે પ્રસરી છે. કરોડો રૂપિયાની હારજીત અરવલ્લી જિલ્લાના વિવિધ જુગારના અડ્ડાઓ પર થઈ હોવા છતાં જિલ્લામાં કોઈ ખાસ જુગારીઓ પકડાયા ન હોવાથી અરવલ્લી પોલીસની કામગીરી ઉપર પણ શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. જુગારધામો પોલીસની સાંઠગાંઠથી ચાલતા હતા કે પોલીસ નિંદરમાં હતી તે બાબત પર પણ પ્રશ્નાર્થ થઈ રહ્યો છે.

## ડીસા આદર્શ હાઈસ્કૂલના સંસ્થાપક સંઘના વરિષ્ઠ અગ્રણી નાનકરામ મેઘાણીનું નિધન

પાલનપુર, તા. ૨૬

પાલનપુર અને ડીસા જ નહી સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અનેક સ્વયંસેવકો માટે પ્રેરણારૂપ માર્ગદર્શક નાનકરામ મેઘાણીનું ગઈકાલે અમદાવાદ ખાતે તેમના પુત્ર નારાયણ મેઘાણીના નિવાસસ્થાને ટુંકી માંદગી બાદ નિધન થવા પામ્યું હતું.

ડીસાની સુપ્રસિદ્ધ આદર્શ હાઈસ્કૂલના સંસ્થાપક અને આચાર્યપદે દીર્ઘકાલીન સેવાઓ આપનાર સ્વ. મેઘાણી એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હતા. આજે ૫૦-૬૦ની ઉંમરે પહોંચેલા જિલ્લાના અનેક અગ્રણીઓનું ઘડતર તેમણે કર્યું હતું. નરોડાના પૂર્વ ધારાસભ્ય અને મંત્રી ડૉ. માયાબેન મેઘાણી તેમજ નારાયણ મેઘાણી તેમના બે સંતાનો અને તેમના ધર્મપત્નીએ પરિવારના મોભી ગુમાવ્યા છે. તો અનેક યુવાનોમાં રાષ્ટ્રભક્તિના ગુણોનું સિંચન કરનાર એક પથદર્શક જિલ્લાએ ગુમાવ્યા છે. સ્વ.નું બેસણું સિંધુ ભુવન, બોડકદેવ અમદાવાદ ખાતે તા. ૨૭-૮-૧૬ના રોજ સાંજે ૪ થી ૬.૩૦ સુધી રાખવામાં આવેલ છે.



સાબરકાંઠા બેંકના ડીરેક્ટર અને પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રફુલ પટેલની કેન્દ્ર સરકાર દ્વારા દીવ અને દમણના એડમિનીસ્ટ્રેટર તરીકે નિમણુક કરાતા શુક્રવારે હિંમતનગર ખાતે તેમનો અભિવાદન સમારોહ યોજાયો હતો. જે પ્રસંગે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, ડીરેક્ટર જયંતિભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, નરેન્દ્રભાઈ ઉપાધ્યાય, ગજેન્દ્રસિંહ પરમાર, પંકજભાઈ પટેલ, મુકેશભાઈ અને બેંકના ચીફ એકઝીક્યુટીવ એચ.પી.નાયક, હરેશભાઈ પટેલ સહિત બોર્ડ મેમ્બરોની ઉપસ્થિતિમાં પ્રફુલ પટેલનું અભિવાદન કરાયુ હતું.

## સરડોઈ પંથકમાં ભારે વરસાદથી ખેડૂતોને નુકશાન

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં બે દિ પૂર્વે વરસેલા ભારે વરસાદ બાદ ખેતીની તબાહી સામે આવી છે. મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં ભારે વરસાદમાં પાણી અવરોધાતા અનેક ખેતરો તબાહ થયા છે. ખેતરોમાં ઉભો પાક ધોવાઈ નષ્ટ થતાં ખેડૂતો પાયમાલ થયા છે.

તાજેતરમાં બારે મેઘ ખાંધા થયા હોય તેમ સાર્વત્રીક ભારે વરસાદ નોંધાયો જેમાં અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદથી ખેતીને ફાયદા કરતાં નુકસાન થયાના અહેવાલ છે. જિલ્લાના સરડોઈ, લાલપુર, પાદર, શામપુર અને દાવલી સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલના ગરનાળા પુરાઈ જતાં ઉભા ખેતરો ખેદાન-મેદાન થયા છે. ખેડૂત ઈશ્વરભાઈ ભાવસારે આક્રોશ વેરતાં જણાવેલ છે કે તંત્ર દ્વારા આડેધડ ચેકડેમ તથા જ્યાં મોટા પુલીયાની જરૂરી છે ત્યાં નાના ગરનાળા બનાવી દીધા છે. જેમાં ક્ષમતા બહારનું વરસાદી પાણી જતું નથી અને સામાન્ય વરસાદમાં પણ ગરનાળા ઝાડા-ઝાંખરાંથી પુરાઈ જાય છે જેના કારણે ભારે વરસાદમાં ખેડૂતોને પારાવાર નુકશાન થયું છે. ઉલ્લેખનિય છે કે ખરીફ ખેતી માટે સારો વરસાદ થતાં ખેડૂતોએ મોંઘાભાવનું બિયારણ અને ખાતર આપી ખેતી તૈયાર કરી હતી પરંતુ તાજેતરના ભારે વરસાદમાં ફળદ્રુપ જમીનમાં બે થી ચાર ફૂટ કચરાના ઢગ પથરાયા છે.

## મોડાસાથી રણુંજા ૮૦૦ કિમી ભવ્ય ૩૨મી પદયાત્રાનું પ્રસ્થાન

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના શ્રી રામદેવ મંડળ સેવાસંઘ દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી યોજાતી ૮૦૦ કિમીની મોડાસા-રામદેવરાની પદયાત્રાનો ૩૨મા વર્ષે સાથે પ્રસ્થાનમાં જોડાયા હતા. ૧૧૧ ફૂટની ધર્મધજા નિહાળવા પ્રજાજનો ઉમટી પડ્યા હતા.

બ્રહ્મલીન મહંતશ્રી ૧૦૮ ચંદુનાથજી યોગી પ્રેરીત મોડાસાથી રામદેવરા (રણુજા) સુધીની અંદાજે ફૂટની ધર્મધજા સાથે નિકળેલા પદયાત્રીઓ, ભજન મંડળીઓ, બેન્ડવાજા અને સાંસ્કૃતિક નૃત્ય મંડળીઓથી મોડાસા શહેરના માર્ગો ભક્તિમય બન્યા હતા. ૧૪ દિવસની ભવ્ય પદયાત્રાના પ્રસ્થાન પ્રસંગે



જન્માષ્ટમીના પવિત્ર દિવસે સંતો, મહંતોના આશીર્વચન સાથે ભવ્ય પદયાત્રાનું ૧૧૧ ફૂટની ધર્મધજા સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના મોટી સંખ્યામાં રામદેવભક્તો અને નાગરીકો તેમજ સામાજીક અગ્રણીઓ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહી પદયાત્રા સંઘનું વાજતે-ગાજતે, ભજન કિર્તન ૮૦૦ કિમી લાંબી પદયાત્રાનો નગરની લક્ષ્મી સોસાયટીથી જન્માષ્ટમીના પાવન દિવસે ૧૫૦૦ જેટલા પદયાત્રીઓ સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ૩૨મી પદયાત્રાને મહંત ધર્મેન્દ્રનાથજી યોગી અને મહંત જશવંતનાથજી યોગીના સાનિધ્યમાં પ્રસ્થાન થતાં ભક્તોમાં ઉત્સાહમાં ઉમેરો થયો હતો. મોડાસા શહેરના મુખ્ય માર્ગપર ૧૧૧ ખંદરા-શીવગંજના મહામંડલેશ્વર યોગીજી મહારાજ, કાંકણી (રાજસ્થાન)ના ઓમકારગીરી મહારાજ, મોડાસાના દેવરાજ ધામના મહંત ધનેશ્વરગીરી મહારાજ સહિતના અગ્રણી સંતો-મહંતો ઉપસ્થિત રહી પદયાત્રાના પ્રસ્થાન સમયે મંગલદીપ પ્રાગટ્ય તેમજ નેજા અને શ્રીફળ ભેટ અર્પણ કરી પ્રસ્થાન કરાવ્યું હતું.

## ડીસામાં જયરણછોડ માખણ ચોરનો નાદ ગુંજ્યો

ડીસા, તા. ૨૬

ડીસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગદળ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની શોભાયાત્રાનું ભારે ઉલ્લાસભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રાવણ વદ આઠમના ભગવાન શ્રી કૃષ્ણન જન્મદિન હોવાથી ગતરજ ડીસાના રીસાલા બજારથી ભગવાન શ્રીકૃષ્ણની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. આ શોભાયાત્રા રીસાલા બજારથી નિકળી, હીરાબજાર, એસ.સી. ડબલ્યુ સ્કુલ, અંબિકા ચક, લાયન્સ હલ, સરદાર બાગ, મેઈન, બજાર, સોની બજાર, જુની જેલ, રામજી મંદિરથી રીસાલા મંદિર પરત ફરી હતી. શોભાયાત્રામાં ઘડા, બેન્ડવાજા, ઢોલ, નગારા, ઉંટ લારીઓ તેમજ નાના બાળકો દ્વારા વિવિધ વેશભુષા ધારણ કરી હતી અને સાથે-સાથે બજરંગદળના કાર્યકર દ્વારા અંગ કશરતના દાવો તેમજ લોધા સમાજનાં ભાઈઓ દ્વારા મટકી ફોડી વિવિધ દાવો રજુ કર્યા હતા. તેમજ શહેરમાં બાંધવામાં આવેલી મટકીઓ ફોડી નંદ ઘેરા નંદ ભર્યો જય કનૈયા લાલ કી.... જય રણછોડ માખણ ચોર જેવા બુલંદ અવાજથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું.